પ્રતિ, ફોન નં.(૦૨૭૮)૨૫૨૧૭૬૦,૨૫૨૧૭૬૧, ૨૫૨૧૭૬૨
ફેક્સ નં. (૦૨૭૮) ૨૫૨૧૭૬૩

# પશ્ચિમ ગુજરાત વીજ કંપની લિમીટેડ
## ગ્રાહક તકરાર નિવારણ ફોરમ

ઝોનલ કચેરી, "વીજ સેવા સદન", ચાવડી ગેટ,ભાવનગર
CIN : U40102GJ2003SGC042908
e-mail: forumbhavnagar.pgvcl@gebmail.com

ક્રમાંક: બીઝેડ/ફોરમ/૭૮/૧૮-૧૯/ 4531 તારીખ : - 6 OCT 2018

કેસ ન. ૭૮/૧૮-૧૯.

પ્રતિ,
મેં. કે.આર. સોલવન્ટ એલએલપી,
નેશનલ હાઈવે નં. ૮-એ,
હોટલ રીવેરા નજીક, પોસ્ટ : ઉંટડી,
તા. લીંબડી, જી. સુરેન્દ્રનગર.
મો : ૯૯૦૮૦૮૮૬૫૬.

**વિષય** : એચ.ટી. કનેક્શનમાં વીજ બિલ બાબત.

**સંદર્ભ** :(૧) આપનો પત્ર તા. ૧૩.૦૭.૧૮.
(૨) અત્રેની કચેરીનો પત્ર નં. બીઝેડ/ફોરમ/૭૮/૧૮-૧૯/૩૨૨૬ તા. ૧૯.૦૭.૧૮.
(૩) અત્રેની કચેરીનો પત્ર નં. બીઝેડ/ફોરમ/૭૮/૧૮-૧૯/૩૭૪૫ તા.૨૧.૦૮.૧૮.

શ્રીમાન,

આપશ્રીની, ઉપરોકત વિષયના સંદર્ભમાં આપના દવારા ગ્રાહક ફરિયાદ નિવારણ ફોરમ, ભાવનગર સમક્ષ કરેલ રજુઆતના સંદર્ભમાં આપશ્રીને ફોરમ સમક્ષ તા.૩૧/૦૮/૨૦૧૮ નાં રોજ સાંભળવામાં આવેલ. જેના સંદર્ભમાં ગ્રાહક ફરિયાદ નિવારણ ફોરમ દવારા આપવામાં આવેલ ચુકાદો આ સાથે સામેલ છે.

આપશ્રીની જાણ સારૂ.

( એમ.પી. સોલંકી )
કન્વીનર,
ગ્રાહક ફરિયાદ નિવારણ ફોરમ
પીજીવીસીએલ., ઝોનલ કચેરી ભાવનગર.

બિડાણ:- ઉપર મુજબ.

પ્રતિ: કાર્યપાલક ઇજનેરશ્રી,
પશ્ચિમ ગુજરાત વીજ કંપની લિમીટેડ
વિભાગીય કચેરી, લીંબડી.

........ગુજરાત વિધુત નિયંત્રક આયોગના જાહેરનામા નં. ૨/૨૦૧૧ની કલમ નં. ૨.૫૨ મુજબ સદર હુકમનાં પાલન અંગે થયેલ કાર્યવાહીનો જરૂરી અહેવાલ અત્રેની ફોરમ કચેરીને ફરજીયાત પાઠવવાનો રહેશે.

**નકલ રવાના:-**
૧) શ્રી અધિક્ષક ઈજનેર,પશ્ચિમ ગુજરાત વીજ કંપની લિમીટેડ, વર્તુળ કચેરી, સુરેન્દ્રનગર.

P.G.V.C.L. Bhavnagar.

**(ગ્રાહક ફરિયાદ નિવારણ ફોરમ,પશ્ચિમ ગુજરાત વીજ કંપની લિમીટેડ,ભાવનગર સમક્ષ)**

ગ્રાહક ફરિયાદ નિવારણ ફોરમ,
પ.ગુ.વી.કં.લિમીટેડ, ઝોનલ ઓફિસ,
"વીજ સેવા સદન", ચાવડી ગેટ,
ભાવનગર.

☞ **<u>કેઈસ નંબર – ૭૮/૧૮-૧૯</u>** ☜

વાદીઃ– મેં. કે.આર. સોલવન્ટ એલએલપી,

◈ **વિરૂધ્ધ** ◈

પ્રતિવાદી :– પશ્ચિમ ગુજરાત વીજ કંપની લિમીટેડ

◈ **<u>રજુઆતની તારીખઃ</u>– ૩૧/૦૮/૨૦૧૮** ◈

હાજર રહયા :– શ્રી આર.એમ. બાવરવા – ( પ્રતિનિધિ)

પ્રતિવાદી :– શ્રી ખાંટ, નાયબ ઈજનેર, વિભાગીય કચેરી, લીબડી
(પશ્ચિમ ગુજરાત વીજ કંપની લિમીટેડ વતી)

મેં. કે.આર. સોલવન્ટ એલએલપી,, મુ. ઉંટડી, તા. લીંબડી, જી. સુરેન્દ્રનગર ની તેમના એચ.ટી. કનેક્શનના બિલિંગ ની બાબતની રજુઆત કન્વીનરશ્રી, ગ્રાહક ફરિયાદ નિવારણ ફોરમ, ભાવનગરને મળતાં, ફોરમે તેનાં ફરિયાદ રજીસ્ટરમાં ક્રમાંક : ૭૮/૧૮-૧૯ થી નોંધી તેનાં યોગ્ય નિરાકરણ માટે અધિક્ષક ઈજનેરશ્રી, વર્તુળ કચેરી, સુરેન્દ્રનગરને પત્ર નં.બીઝેડ/ફોરમ/ ૭૮/૧૮-૧૯ /૩૨૨૬ તા. ૧૯.૦૭.૧૮ થી વાદીશ્રીની જાણ હેઠળ મોકલી આપેલ.

આમ છતાં, ફોરમે વાદીશ્રીને તેમની ફરિયાદ બારામાં લેખીત / મૌખીક રજુઆત કરવા તા. ૩૧.૦૮.૨૦૧૮ નાં રોજ ઉપસ્થિત રહેવા જણાવેલ જેમાં વાદીના પ્રતિનિધિ હાજર રહેલ. તથા પ્રતિવાદી શ્રી ખાંટ, નાયબ ઈજનેર, વિભાગીય કચેરી, લીબડી ઉપસ્થિત રહેલ.

☞ **<u>વાદીશ્રીની રજુઆત</u>:– ફોરમને કરેલ લેખિત અરજી મુજબ રજુઆત છે કે...**

1.1 પીજીવીસીએલ દ્વારા તેમનું ઉપરોક્ત એચ.ટી કનેક્શન ગ્રામ્ય વિસ્તાર માં આવેલ હોવા છતાં તેમના સ્ટાફ ક્વાર્ટર લાઈટીંગ માં ૭.૫% ને બદલે ૨૫% મુજબ આજ દિન સુધી વીજ કર વસુલ કરવામાં આવેલ છે. આમ પી.જી.વી.સી.એલ દ્વારા જે વધુ વસુલવામાં આવેલ વિદ્યુત શુલ્ક વીજ બિલ માં જમા આપવા તથાગ્રાહક ના હવે પછી ના વીજ બિલ માં સ્ટાફ ક્વાર્ટર ના વપરાશ પર ૭.૫% વસુલવા અંગે રજૂઆત કરેલ છે.

1.2 અમો સીઝનલ ગ્રાહક છીએ તથા અમારું બિલ જીઈઆરસી ટેરીફ ઓર્ડર ના પાર નંબર ૧૪.૧ થી ૧૪.૧૧ મુજબ બનાવવાનું હોય છે.અમોને પ્રથમ થી જ બિલ માં ૧૪.૩ મુજબ ટાઈમ ઓફ યુઝ ચાર્જ લગાવવામાં આવે છે પરંતુ ટેરીફ પર નં ૧૪.૧૦ મુજબ કન્સેશન ફોર યુઝ ફોર નાઈટ આપવામાં આવતું નથી.



Grievance Redressal Forum
P.G.V.C.L
Bhavnagar.

1.3 અમારા બિલ માં પાવર ફેકટર ની વેલ્યુ ઓછી લેવામાં આવે છે.પાવર ફેક્ટર પોઈન્ટ પછી ત્રણ ફિગરમાં લેવાના હોય છે અને પાવર ફેકટર ની ગણતરી બાદ જો ચોથો ફિગર ૫ થી વધુ હોય તો પણ બિલ માં ધ્યાને લેતા નથી જેથી પાવર ફેક્ટર ની પેનલ્ટી લાગે તેને ૦.૧% થી ૦.૨% ઓછી પેનલ્ટી લગાવે છે તથા રીબેટ માં ૦.૦૫% ઓછુ રીબેટ આપે છે. અમારા દ્વારા સદર બાબતે લીંબડી વિભાગીય કચેરી ખાતે અરજી કરી આ બાબત નો ઉલ્લેખ કરી નિયમ મુજબ ગણતરી કરવાની માંગણી કરેલ છે.

લીંબડી વિભાગીય કચેરી અમારી ઉપરોક્ત મુજબ ની માંગણી ને મંજુર કરતાં નથી.સદર બાબતે અમારી નિયમ મુજબ ની માંગણી મજુર કરી અમારી કાયદેસર ની નીકળતી રકમ તાત્કાલિક અમારા હવે પછી ના વીજ બિલ માં જમા આપે તેવો હુકમ કરવા યોગ્ય કરશો.

☞ **<u>પ્રતિવાદીશ્રીની રજૂઆતઃ– તેમની રજૂઆત છે કે,</u>**

લીંબડી વિભાગીય કચેરી ના તાબા હેઠળ આવતી લીંબડી શહેર પેટા વિભાગીય કચેરી હેઠળ ગ્રાહક નં ૧૮૬૦૯ મે. કે.આર સોલવન્ટ ૧૦૦૦ કે.વી.એ નું એચ.ટી (સીઝનલ) વીજ કનેક્શન ૨૫-૧૦-૨૦૧૧ થી ધરાવે છે. સદર એચ.ટી વીજ ગ્રાહક દ્વારા તેમના એચ.ટી. વીજ જોડાણના વીજ બિલ બાબતની ઉપરોક્ત મુજબ રજૂઆત કરેલ છે જેનો મુદા વાઈઝ જવાબ નીચે મુજબ છે.

2.1 સ્ટાફ ક્વાર્ટર લાઈટીંગમાં ૭.૫% ને બદલે ૨૫% મુજબ વીજ કર વસુલવા અંગે જણાવવાનું કે એચ.ટી કનેક્શન નં ૧૮૬૦૯ માં ફેક્ટરી લાઈટીંગ, ઓફીસ લાઈટીંગ તેમજ સ્ટાફ ક્વાર્ટર્સ માટે લાઈટીંગ સબ મીટર એચ.ટી ગ્રાહક લગાવે છે અને તેના પર જરૂરી સીલીંગ પી.જી.વી.સી.એલ દ્વારા કરવામાં આવે છે. તે મુજબ કે.આર.સોલવન્ટ ના ફેક્ટરી લાઈટીંગ મીટર નંબર ૧૧૦૯૬૫૫૪ તા. ૨૬/૧૧/૨૦૧૧ ના રોજ લગાવી અને સીલીંગ કરવામાં આવેલ. જે માટે જરૂરી પ્રફોર્માં નં ૫૦૫૦૧ મીટરની વિગત સાથે ભરી અને કે.આર.સોલવન્ટ ની સહી લેવામાં આવેલ.

તે જ રીતે પ્રફોર્માં નં ૨૭૯૦૨ તા. ૧૬/૧૧/૨૦૧૧ ના રોજ ઓફીસ લાઈટીંગ ના મીટર નંબર ૦૧૩૯૪૦૯૪ લગાડી અને સીલીંગ કરી જરૂરી વિગતો ભરી કે.આર.સોલવન્ટ ની સહી લેવામાં આવેલ.

ત્યારબાદ, વિદ્યુત શુલ્ક સમાહર્તા શ્રી – ગાંધીનગર કચેરી દ્વારા તા. ૨૧/૦૪/૨૦૧૨ ના પત્ર ના અનુસંધાને તેઓએ માંગેલ વિગત વિભાગીય કચેરી – પી.જી.વી.સી.એલ દ્વારા તા. ૦૮/૦૫/૨૦૧૨ ના રોજ મોકલવામાં આવેલ. તે વિગત માં ઓફીસ લાઈટીંગ, ફેક્ટરી લાઈટીંગ તેમજ મોટીવ પાવર ના મિટર ની વિગત બતાવેલ છે. આ પત્ર ની નકલ મે. કે.આર.સોલવન્ટ ને પણ આપવમાં આવેલ.

આમ, વાદી ના એચ.ટી ના વીજ સ્થાપનમાં Residential Quarters માટે લાઈટીંગ મીટર (સબમીટર) વાદી એ લગાડેલ નથી તેથી વાદી એ રજૂઆત કરેલ છે કે Residential Quarters ના વીજ વપરાશ પર ૭.૫% વિદ્યુત શુલ્ક લાગવો જોઈએ તેનો પ્રશ્ન ઉભો થતો નથી.

આ સાથે ફેક્ટરી લાઈટીંગ, ઓફીસ લાઈટીંગ ના મીટર ના સીલીંગ પ્રફોર્માં તેમજ વિદ્યુત શુલ્ક સમાહર્તા ને મોકલવામાં આવેલ પત્રની નકલ જોડેલ છે.

2.2 ઉપરોક્ત મુદ્દા નં ૦૨ માં જણાવવાનું કે વાદી દ્વારા તેમના વીજ બિલ માં નાઈટ રીબેટ માટે નું કન્શેશન ન મળવા અંગે રજૂઆત કરેલ છે. જે અંગે અમારું સબમીશન નીચે મુજબ છે

Historically, benefits for consumption during night hours was allowed on the energy consumed during night hours in excess of 1/3rd of total consumption.

Sheer objective of the above provision was that the consumers who require to consume energy throughout day and Night don't put any extra efforts for reducing consumption



...Grievance Redressal Fo...
P.G.V.C.L.
Bhavnagar.

during night hours. Likewise, Seasonal consumers who are required to consume energy during day and night time during season don't put any extra efforts for increasing consumption during night hours. Further, seasonal consumers are subjected to minimum billing provisions as provided in the tariff schedule. Therefore, whatsoever billing is done, it gets covered for the purpose of minimum billing calculation.

Further it affects to all seasonal consumers of all four Discoms, therefore, it is not appropriate to give benefits of night consumption to the subjected consumer as it would be having impact on the past years ARR which has already been decided by the Commission.

2.3 ઉપરોક્ત મુદા નં 03 માં વાદી ની રજૂઆત છે કે તેઓને ટેરીફ ના ૧૪.૬.૨ મુજબ પાવર ફેકટર રીબેટ આપવામાં આવતું નથી પરંતુ અમારૂં સબમીશન છે કે સીઝનલ ગ્રાહકના ટેરીફ શિડ્યુલ માં ૧૪.૬ હેઠળ ના ક્લોઝ ૧૪.૬.૧ માં જે પાવર ફેકટર મેન્શન કરવામાં આવેલ છે તેમાં ૯૦% અને ૮૫% એવો ઉલ્લેખ કરવામાં આવ્યો છે.

તેમજ ૧૪.૬.૨ કે જે પાવર ફેકટર રીબેટ અંગેનો ક્લોઝ છે તેમાં ૯૫% પાવર ફેક્ટરનો ઉલ્લેખ કરવામાં આવેલ છે. આમ, ટેરીફ શિડ્યુલ માં TWO DIGIT નો પાવર ફેકટર નો ઉલ્લેખ કરવામાં આવ્યો છે તેથી TWO DIGIT પાવર ફેકટર નો આધાર લઇ પાવર ફેકટર પેનલ્ટી કે રીબેટ આપવાનું થાય છે.

જયારે પી.જી.વી.સી.એલ દ્વારા વાદી ને આપવામાં આવતા માસિક વીજ બિલ માં THREE DIGIT નો પાવર ફેકટર મેન્શન કરવામાં આવે છે જે વધુ PRECICE છે. જે નિયત ટેરીફ મુજબ ની તથા જી.યુ.વી.એન.એલ દ્વારા એચ.ટી બિલ ગણતરી ની જે ફોર્મ્યુલા મંજુર કરવામાં આવેલ છે તે મુજબ ની છે. માટે વાદી ની માંગણી પાવર ફેકટર માં ચોથો ફિગર ધ્યાન માં લેવાની ગેરવ્યાજબી અને ટેરીફ શિડ્યુલ મુજબની નથી.

☞ **<u>ફોરમનું તારણ</u> :– વાદી અને પ્રતિવાદીની રજુઆત ઉપરથી નીચે મુજબ તારણ નીકળે છે.**

3.1 વાદી અરજદાર મેં.કે.આર. સોલવન્ટ એલએલપી ગામ ઉંટડી તા. લીમડીમાં ગ્રાહક નં.૧૮૬૦૯ થી ૧૦૦૦ કેવીએ નું એચ.ટી. વીજ કનેક્શન તા. ૨૫.૧૦.૧૧ થી ધરાવે છે.

3.2 વાદી વતી તેના પ્રતિનિધિ શ્રી આર.એમ.બાવરવા આજ તા. ૧૦.૦૮.૧૮ ફોરમ સમક્ષ રજૂઆત માટે હાજર છે.

3.3 વાદીએ તેની રજુઆતમાં તેના એચ.ટી. પ્રિમાઈસીસમાં રેસીડેન્સીઅલ સ્ટાફ કવાટર્સના વીજ વપરાશ પર પ્રતિવાદી દ્વારા વસુલ કરવામાં આવતી ઈલે. ડ્યુટીનો મુદ્દો ઉપસ્થિત કરેલ છે તે માટે વાદીએ કલેકટર ઓફ ઈલે. ડ્યુટીના પરિપત્ર રજુ કરેલ છે.

3.4 પ્રતિવાદી દ્વારા વાદીના એચ.ટી. પ્રીમાઈસીસમાં તા. ૨૬.૧૧.૧૧ના રોજ ફેક્ટરી લાઈટીંગ તેમજ ઓફીસ લાઈટીંગ માટેના 3 ફેઝ મીટર લગાડી અને સીલીંગ કરવામાં આવેલ જેમાં સીલીંગ પ્રફોર્મામાં પ્રતિવાદી તેમજ વાદીની સહી છે. આ સીલીંગ પ્રફોર્મા નં. ૫૦૫૦૧ અને ૨૭૯૦૨ પ્રતિવાદી રજુ કરેલ છે.

3.5 આમ,વાદીના એચ.ટી. વીજ સ્થાપનની પ્રીમાઈસીસ પર રેસિડેન્ટશીઅલ ક્વાર્ટર માટે મીટર મુકવામાં આવેલ નથી,તેથી રેસીડેન્સીઅલ ક્વાર્ટરમાં થતો વીજ વપરાશ પર વસુલવામાં આવતી ઈલે. ડ્યુટી નો વાદીનો મુદ્દો અસ્થાને છે.

3.6 તેમજ ઈલે. ડ્યુટી વસુલાત અંગેની તકરાર નો મુદ્દો ફોરમની હકુમતમાં આવતો ન હોય ફોરમે આ બાબતે કોઈ હુકમ કરવાનો રહેતો નથી વાદીએ સક્ષમ ઓથોરીટી પાસે ઈલે. ડ્યુટી અંગેની તકરારની રજૂઆત કરવી.

-4-

Grievance Redressal Forum P.G.V.C.L Bhavnagar.

3.7 વાદીની રજૂઆત છે કે તેઓ સીઝનલ ગ્રાહક છે અને તેથી તેઓનું વીજબિલ એચ.ટી. ટેરીફના ક્લોઝ નં ૧૪.૧ થી ૧૪.૧૧ મુજબ બનાવવાનું થાય અને તેઓને ૧૪.૧૦ મુજબ કન્શેશન ફોર યુઝ ઓફ નાઈટ આપવામાં આવતું નથી.

3.8 મેં. કે.આર. સોલવન્ટ ૧૦૦૦ કેવીએનું એચ.ટી. સીઝનલ કન્ઝુમર છે જેનું બિલિંગ એચ.ટી.પી.-૧ ટેરીફ મુજબ થાય છે એચ.ટી.પી.-૧ ના ટેરીફ શેડ્યુઅલ ૧૪.૧૦ નીચે મુજબ છે.

14.10 CONSESSION FOR USE OF ELE. DURING NIGHT HOURS. :

For the consumer eligible for using supply at anytime during 24 hours, entire consumption shall be billed at the energy charges specified above. However, the energy consumed during night hours of 10:00 PM to 06:00 AM next morning shall be eligible for concession at the rate of 40 paisa per unit.

પ્રતિવાદી દ્વારા વાદીના એચ.ટી. કનેક્શનનું બિલિંગ સીઝનલ ગ્રાહક તરીકે કરવામાં આવે છે અને તેના ક્લોઝ નં. ૧૪.૧૦ મુજબ નાઈટ કન્સમ્પશન પર આપવું પડતું ૪૦ પૈસા પ્રતિ યુનીટનું કન્શેશન આપવામાં આવતું નથી.

3.9 પ્રતિવાદીએ તેના જવાબમાં જણાવેલ છે કે " Sheer objective of the above provision was that the consumers who requires to consume energy throughout day and night don't put any extra efforts for reducing seasonal consumers who are required to consume energy during day and night time during season don't put any extra efforts for increasing consumption during night hours. Further, seasonal consumers are subjected to minimum billing provisions as provided in the tariff schedule. Therefore whatsoever billing is done, it gets covered for the purpose of minimum billing calculation."

4.0 Considering tariff schedule and relevant clauses 14.10, plaintiff's representation regarding concession on night consumption as per 14.10 and respondents representation as 3.9 above and that it would affect to all seasonal consumer for all 4 Discoms, it would be appropriate to give the benefit of night consumption to the subjected consumer from date of its application in the Forum as it would be having impact on past years ARR which has already being decided by commission.

4.1 In the instant case M/s K.R. Solvant should get the benefit of night consumption as per 14.10 of the tariff schedule from the date of application, 3.07.18. to Forum

4.2 વાદીએ રજૂઆત કરેલ છે કે પાવર ફેક્ટરની ગણતરીમાં પોઈન્ટ પછી ૩ ફિગર લેવાના હોય છે અને ૪થો ફિગર ૫ થી વધુ હોય તો તે ધ્યાનમાં લેવામાં આવતો નથી.

4.3 ટેરીફ શેડ્યુંઅલના ક્લોઝ નં. 14.06 ના " Power factor adjustment Charges" ના ક્લોઝ નં ૧૪.૦૬(૧) મુજબ...

**: 14.6.1 :**

(a) " The power factor adjustment charges shall be levied at the rate of 1% on total amount of Ele. Bills for the month under the head " Energy Charges, arrived at using tariff as per para 14.2 of this schedule, for every 1% of drop or part thereof in the average power factor during the month below 90% up to 85 %.

(b) In addition to the above clause, for every 1 % drop or part thereof in average power factor during the month below 85% @ of 2% on the total amount of Ele. Bill for the month under the head "Energy Charges arrived at using tariff as per para 14.2 of this schedule, will be charged.

**: 14.6.2 :**

If the power factor of the consumers installation in any month is above 95%, the consumer will be entitled for rebate at the rate 0.5% ( half percent) in excess of 95% power factor on the total amount of Ele. Bill for the month under the head " Energy Chrage" arrived at using tariff as per para 14.2 of this schedule, for every 1% rise or part thereof in the average power factor during the month above 95% .

-5-

Grievance Redressal Forum P.G.V.C.L. Bhavnagar.

4.4 આમ, ટેરીફ શેડ્યુલમાં ક્લોઝ નં ૧૪.૦૬(૧) ને ૧૪.૦૬(૨) માં પાવર ફેક્ટર એડજસ્ટમેન્ટ ચાર્જ માટે કેટલા ડીજીટની ગણતરી કરવી તેનો ઉલ્લેખ નથી પરંતુ ૯૦%, ૮૫% અને ૯૫% એવો ઉલ્લેખ કરેલ છે. જયારે પ્રતિવાદી પાવર ફેક્ટરની ગણતરીમાં ૩ ડીજીટ સુધીના પાવર ફેક્ટરની ગણતરી કરેલ છે ને તે મુજબ એચ.ટી. વીજ બિલમાં દર્શાવે છે. આથી વાદીની પાવર ફેક્ટર અંગેની રજૂઆત માન્ય રાખી શકાય તેમ નથી.

**—:: હુકમ ::—**

- **"વાદીની રજુઆત, પ્રતિવાદીની રજુઆત તેમજ ફોરમ સમક્ષ રજુ થયેલ દસ્તાવેજી પુરાવા અને ટેરીફ શેડ્યુલ ( Effective from 1st April – 2018 ) ના આધારે ઉપર મુજબના તારણો પરથી હુકમ કરવામાં આવે છે કે (1) તારણ નં. 3.6 (2) તારણ નં. 4.1 અને (3) તારણ નં. 4.4 મુજબ હુકમ કરવામાં આવે છે."**

- સદર હુકમ સામે વાદીશ્રીને વાંધો કે તકરાર હોય તો આ હુકમ મળ્યે દિવસ—૩૦ માં વિદ્યુત લોકપાલશ્રીની કચેરી, બ્લોક નં.૩, પોલીટેકનીક કંમ્પાઉન્ડ, આંબાવાડી, અમદાવાદ સમક્ષ અપીલ કરી શકે છે.

| | | |
|---|---|---|
| (બી. જે. દવે)<br>**સ્વતંત્ર સભ્યશ્રી** | ગેરહાજર<br>(પી. એચ. માવાણી)<br>**ટેકનીકલ સભ્યશ્રી** | (એમ. આર.વજરીયા)<br>**અધ્યક્ષશ્રી,**<br>ગ્રાહક ફરિયાદ નિવારણ ફોરમ<br>પ.ગુ.વિ.કું.લી.:ભાવનગર. |

તારીખ :—31/08/2018.

Consumer Grievance Redressal Forum
P.G.V.C.L.
Bhavnagar.